# ફી નિયમન સમિતિ, વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
Ph:-0265-2488487
Email Add:- frcvadodara@gmail.com

ક્રમાંક/FRC/૨૦૨૩/૩૪૯૦-૧૧
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ, વડોદરા.
તા. ૭/૬/૨૦૨૩

યુડાયસ નં:- ૨૪૧૬૦૫૦૧૨૦૬ ખેડા એફીડેવિટ FRC નં:- ૫૭/૨૦૨૩-૨૪

Email ID:- satyanarayan95191@gmail.com તા:-૦૬/૦૬/૨૦૨૩

મોબાઇલ નં:- ૮૯૮૦૨૨૯૪૩૪

શાળાનું નામ:- બેઝ સ્ટોન પબ્લીક સ્કુલ , ઘોડાસર , મહેમદાવાદ , ખેડા ૩૮૭૧૧૦નાએ રજુ કરેલ સોગંદનામાં ઉપર હુકમ.

(૧) શ્રી જી.એન.રણા, નિવૃત્ત જજ — અધ્યક્ષ
(૨) ડો.આરતીબેન ભાટી, શિક્ષણશાસ્ત્રી — સભ્ય
(૩) શ્રી ઉમેશકુમાર.એ.પટેલ, શાળા સંચાલક મંડળના પ્રતિનિધિ. — સભ્ય
(૪) શ્રી સત્યકાંત હરીપ્રસાદ શાસ્ત્રી, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ — સભ્ય
(૫) શ્રી ધવલ પુરોહિત, સીવીલ એન્જીનીયર. — સભ્ય

## -:: હુકમ ::-

(૧) ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ : ૨૦૧૭ તથા ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) નિયમો-૨૦૧૭ અન્વયે તા:-૨૫/૦૪/૨૦૧૭ના રોજ અમલી બનેલ છે.જે અન્વયે વડોદરા વિભાગ માટેની સરકારશ્રી દ્વારા ફી નિયમન સમિતિની રચના કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જી.એચ/એસએચ/૨૦/બીએમએસ/૧૧૧૭/૮૩/છ અને જીએચ/એસએચ/૦૬/બીએમએસ/૧૧૧૮/૮૩/છ અન્વયે નીચે મુજબની ફી નિર્ધારીત કરવામાં આવે છે.

(૧) પૂર્વ-પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ — રૂ.૧૫,૦૦૦/-
(૨) માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ) — રૂ.૨૫,૦૦૦/-
(૩) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) — રૂ.૩૦,૦૦૦/-

ફી ઠરાવેલ છે અને તે મુજબ જે શાળા જાહેરનામામાં ઠરાવેલી ફી કરતાં ઓછી ફી વસુલ કરતી હોય તેવી સ્વ-નિર્ભર શાળાઓને ફી-નિર્ધારણમાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

(૩) અરજદાર શાળા દ્વારા સને ૨૦૨૦-૨૧ થી સને ૨૦૨૨-૨૩ના વર્ષ માટે નીચે મુજબની ફી, ફી નિયમન સમિતિ, વડોદરા દ્વારા મંજૂર કરવામાં આવેલ હતી. જેની વિગત નીચે મુજબ છે :-

| અ. નં. | માધ્યમ | | | ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી ની વિગત. | | |
|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | સને ૨૦૨૦-૨૧ | સને ૨૦૨૧-૨૨ | સને ૨૦૨૨-૨૩ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧. | ૧ થી ૪ | - | અંગ્રેજી | રૂા.૧૦૫૦૦/- | રૂા.૧૫૦૦૦/- | રૂા.૧૫૦૦૦/- |
| ૨. | ૫ થી ૮ | - | અંગ્રેજી | રૂા.૧૧૨૫૦/- | રૂા.૧૫૦૦૦/- | રૂા.૧૫૦૦૦/- |

| અ. નં. | માધ્યમ | | | ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી ની વિગત. | | |
|---|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | સને ૨૦૨૦-૨૧ | સને ૨૦૨૧-૨૨ | સને ૨૦૨૨-૨૩ |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૩. | ૯ | - | અંગ્રેજી | - | રૂ.૨૫૦૦૦/- | રૂ.૨૫૦૦૦/- |
| ૪. | ૧૦ | - | અંગ્રેજી | - | - | રૂ.૨૫૦૦૦/- |

(૪) અત્રેની ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ અરજદાર શાળાએ તેમના અધિકૃત પ્રતિનિધિનું તા:-૦૧/૧૨/૨૦૨૨ના રોજ વર્ષ ૨૦૨૩-૨૪ માટે ફોર્મ-૪ સોગંદનામું રજૂ કરેલ છે. ગુજરાત સરકારના જાહેરનામા મુજબ (૧) પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળાઓ માટે રૂ.૧૫,૦૦૦/- (૨) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સામાન્ય પ્રવાહ) માટે રૂ.૨૫,૦૦૦/- અને (૩) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (વિજ્ઞાન પ્રવાહ) માટે રૂ.૩૦,૦૦૦/- વાર્ષિક ફી કરતાં ઓછી ફી લેતા હોવાથી દરખાસ્ત (ફોર્મ-૨) રજૂ કરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. અરજદાર શાળાએ સને : ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે જાહેરનામા કરતાં ઓછી ફી ની માંગણી કરેલી હોઇ અને તે ફી વ્યાજબી અને ન્યાયી હોઇ ફી નિયમન સમિતિ,વડોદરા દ્વારા મંજૂર કરવામાં આવે છે. જેની વિગતો નીચે મુજબ છે :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | | સને : ૨૦૨૩-૨૪માં શાળા દ્વારા માંગવામાં આવેલ ફી | ફી નિયમન સમિતિ દ્વારા સને : ૨૦૨૩-૨૪ માં મંજૂર કરેલી ફી |
|---|---|---|---|---|---|
| | | ગુજરાતી | અંગ્રેજી | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧. | ૧ થી ૮ | - | અંગ્રેજી | રૂ.૧૫૦૦૦/- | રૂ.૧૫૦૦૦/- |
| ૨. | ૯ થી ૧૦ | - | અંગ્રેજી | રૂ.૨૫૦૦૦/- | રૂ.૨૫૦૦૦/- |

## શરતો :-

૧) શાળા દ્વારા વાર્ષિક કુલ ફી ની રકમ પૈકી વધુમાં વધુ માસિક/ત્રિમાસિક ધોરણે ફી વસુલ કરી શકાશે. એક જ સમયે માસિક/ત્રિમાસિક ફી કરતાં વધુ લેવામાં આવેલી ફી અંગે ફી નિયમન અધિનિયમ અને નિયમોની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨) વિદ્યાર્થી/વાલીઓએ આવી ફી શાળા દ્વારા નક્કી કરેલ બેન્ક ખાતામાં ઠરાવેલી ફી ની સીધી જ ચુકવણી કરવી અને તેની પાવતી/અડધીયું શાળામાં રજૂ કરવી.

૩) ફી નિયમન સમિતિએ નક્કી કર્યા કરતાં વધુ ફી જો શાળા દ્વારા લેવામાં આવી હશે તો વિદ્યાર્થી / વાલીને આ હુકમ થવાના દિન-૩૦માં સરભર/પરત કરવાની રહેશે.

૪) અરજદાર શાળા વિદ્યાર્થી/વાલી પાસેથી ફી ભરવામાં થયેલા વ્યાજબી વિલંબ માટે દંડની રકમ વસુલ કરી શકશે નહીં.

૫) અરજદાર શાળા વિદ્યાર્થી / વાલી પાસેથી વૈકલ્પિક પ્રવૃત્તિની ફી વિદ્યાર્થી/વાલીની સંમતિથી અલગ લઇ શકશે.

૬) ફી નિયમન સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ ફી, ફી નિયમન અધિનિયમ:૨૦૧૭ની કલમ-૨ (જી) મુજબની નક્કી કરેલ છે. જેમાં એડમીશન ફી અને ટર્મ ફીનો સમાવેશ થતો નથી.

૭) અરજદાર શાળા નામ.ગુજરાત હાઇકોર્ટના સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન નં:-૨૩૫૬/૨૦૨૧ના તા:-૨૨/૦૭/૨૦૨૨ના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે નક્કી કરવામાં આવેલી ફી ના એક માસની

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા સત્યમેવ જયતે

ફી નવા એડમીશન અને ધોરણ કેજી, ધોરણ-૧,૯,૧૧માં એડમીશન ફી તરીકે લઇ શકશે તેમજ એક માસની ફી ટર્મ ફી તરીકે વર્ષમાં બે વખત ટર્મ ફી તરીકે લઇ શકશે તેના કરતાં વધુ એડમીશન ફી કે ટર્મ ફી ની રકમ લઇ શકશે નહીં.

૮) અરજદાર શાળાએ આગામી વર્ષ માટેની નવી દરખાસ્ત (ફોર્મ-૨) અથવા સોગંદનામું (ફોર્મ-૪) ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ તેમજ તે માટેના નિયમોની જોગવાઇઓ મુજબ ૩૧ મી ઓક્ટોબર પહેલાં રજૂ કરવાના રહેશે.

૯) અરજદાર શાળાએ નવી દરખાસ્ત ફોર્મ-૨ / સોગંદનામું ફોર્મ-૪ના કામે પાછલા વર્ષના કરેલા આખરી હુકમની નકલ રજૂ કરવાની રહેશે.

૧૦) શાળા સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવો, પરિપત્રો અને સૂચનાઓનું તથા ગુજરાત સ્વ-નિર્ભર શાળા (ફી નિયમન) એક્ટ અને રૂલ્સ-૨૦૧૭ની તમામ જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧) ફી નિયમન સમિતિ દ્વારા નિર્ધારિત કરેલ સદર ફી ની વિગતો શાળા દ્વારા ગુજરાતી તથા અંગ્રેજી એમ બન્ને ભાષામાં નોટીસ બોર્ડ તથા શાળાની વેબસાઇટ પર પ્રદર્શિત કરવાની રહેશે.

આ હુકમની જાણ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી / જિલ્લા પ્રાથમિક શિક્ષણઅધિકારીશ્રી / ફી નિયમન સમિતિના કો-ઓર્ડીનેટર (સંયોજક)શ્રીને કરવાની રહેશે અને તેઓએ જે તે શાખાને તાત્કાલિક જાણ કરવી.

તારીખ:- ૦૬ માહે જૂન સને ૨૦૨૩

સ્થળ:- વડોદરા

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા:-૦૬/૦૬/૨૦૨૩ના આદેશાનુસાર

(આર.આર.વ્યાસ)
ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, બેઝ સ્ટોન પબ્લીક સ્કુલ , ઘોડાસર , મહેમદાવાદ , ખેડા ૩૮૭૧૧૦

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.